# આજે માયાવતી સમર્થન અંગે નિર્ણય કરશે

લખનૌ, તા. ૯

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજ પક્ષ (બસપા)ના વડા માયાવતીએ આજે કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. લખનૌમાં રાષ્ટ્રીય સંકલ્પ મહારેલીમાં હજારોની મેદનીને સંબોધન કરતાં માયાવતીએ કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી ૨૦૧૪ પહેલાં પણ આવી શકે છે.માયાવતીએ તેમના ૭૫ મિનિટ લાંબા ભાષણ દરમિયાન મોટા ભાગે સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. માયાવતીએ કાયદો અને વ્યવસ્થાની લથડી રહેલી સ્થિતી અને ભ્રષ્ટાચારના મુદ્દે અખિલેશ સરકારની આકરી ટિકા કરી હતી. માયાવતી હાલ જાતિ કાર્ડ રમી રહ્યા છે. રેલીમાં દલિતો અને અન્ય સુમદાયના મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. માયાવતીના આવતીકાલના નિર્ણયને લઈને પણ રાજકીય ગરમી વધી ગઈ છે. યુપીએ સરકારને ટેકો જારી રાખશે કે કેમ તે અંગે જાણકાર સુત્રોએ કહ્યું છે કે માયાવતી સરકારને ટેકો જારી રાખી શકે છે. આવતીકાલે યોજાનારી બસપાની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં યુપીએને સમર્થન આપવાના મુદ્દે નિર્ણય કરવામાં આવશે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવની સરકારની પણ આકરી ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે, આ સરકાર દલિત વિરોધી છે. અખિલેશ સરકાર પર આક્ષેપ કરતાં માયાવતીએ કહ્યું હતું કે, તેઓ દુર્ભાવનાથી કામ કરી રહ્યા છે. માન્યવર કાંશીરામની જન્મજયંતિના દિવસે જાહેર રજા રદ કરવી તે દલિત વિરોધી પગલું છે. આ સરકાર દલિત કર્મચારીઓને પણ હેરાન-પરેશાન કરી રહી છે.



અનામત મુદ્દે સત્તા સરકારની ટીકા કરતાં કહ્યું હતું કે, મુસ્લિમો માટે પણ સપાએ કંઇ કર્યું નથી. ગત છ માસમાં ડઝન જેટલાં કોમી રમખાણો થયાં છે. આ સરકારે અમુક જગ્યાએ તો નામ એટલા માટે બદલ્યાં કે તે નામ ભારત સરકારે જાહેર કર્યા હતા. વિપક્ષોને અમે ક્યારેય માફ નહીં કરીએ. ઓબીસીને અનામત ન મળત તો મુલાયમ્ અને તેમનો પરીવાર ગાય ભેંસ ચરાવતો હોત. નોંધનીય છે કે બસપાના સંસ્થાપક કાંશીરામની પુણ્યતિથિ નિમિત્તે માયાવતીએ રાષ્ટ્રીય સંકલ્પ મહારેલીનું આયોજન કર્યું હતું.

# પાંચ વર્ષમાં દેશમાં સસ્તી વિજળી ઉપલબ્ધ

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન મનમોહનસિંહે આજે ખાતરી આપી હતી કે તેમની સરકાર આગામી પાંચ વર્ષમાં દેશના તમામ પરિવારને સસ્તા અને પોષાય તેવા દરે વિજળી ઉપલબ્ધ કરાવશે. તેમણે કહ્યું હતું કે સસ્તા દરે વિજવી ઉપલબ્ધ કરાવવાની બાબત પણ આજે મુખ્ય પડકારો પૈકી એક છે. આ પડકારનો સામનો સમગ્ર વિશ્વના દેશો કરી રહ્યા છે. સિંહે કહ્યું હતું કે સરકારની પ્રાથમિકતા ભારતના તમામ ૬૦૦૦૦૦ ગામોમાં વિજળી ઉપલબ્ધ કરાવવાની છે. તાજેતરના વર્ષોમાં ૧૦૦૦૦૦ ગામોમાં વિજળીના કનેક્શન આપવામાં આવ્યા છે. હવે ખુબ ઓછા લોકો વિજળીની સુવિધાથી વંચિત છે. આ તમામ લોકોને પણ વહેલી તકે વિજળી આપવાનીહિલચાલ ચાલી રહી છે. કન્ફડરેસન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત ઉર્જા અંગે એક સેમિનારનું ઉદ્‌ઘાટન કરતા તેમણે કહ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં તમામ પરિવારોને સપ્તાહના સાતેય દિવસ ૨૪ કલાક વિજળી મળે તેની ખાતરી કરવાના પ્રયાસો કરાશે. વૈશ્વિક રીતે ૧.૩ અબજ જેટલા લોકો વિજળીની સુવદાથી વંચિત છે. તેમણે કહ્યું હતું કે આ બેઠકમાં ભાગ લઈને તેમને ખુબ ખુશી થઈ છે. તેમણે કબુલાત કરી હતી કે માનવ જાતિની સામે હાલમાં જે પડકારો રહેલા છે તેમા એક વિજળીની સુવિધા માટેનો પણ છે. વિજળી પુરતા પ્રમાણમાં નહી મળતાથી લાખો લોકો મૂળભૂત સુવિધાથી વંચિત રહી જાય છે. આ સમસ્યા તેમના માટે વધુ જટિલ છે જે ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે. તેમની સંખ્યા ખુબ મોટી છે. સિંહે કહ્યું હતું કે આશરે ત્રણ



અબજથી વધારે લોકો એવા છે જે ખાવાની ચીજવસ્તુ બનાવવા માટે પણ જરૂરી ઉર્જા માટે જૈવિક સાધનો પર આધારિત રહે છે. ભારતમાં અને વિશ્વના અન્ય કેટલાક દેશોમાં ગામોમાં ૮૦ ટકા મહિલાઓ ભોજન બનાવવા માટે લાકડા અને અન્ય ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં વાયુપ્રદુષણના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત પણ થાય છે. આ ઉપરાંત આંખની તકલીફ અને સાંસની તકલીફ પણ ઉભી થાય છે. આ સમસ્યાના કેટલાક પરિબળો એ પણ છે કે આ પ્રકારના ઈંધનને જમા કરવા અને તેને લાવવામાં ખુબ મહેનત કરે છે એક સર્વે મુજબ આ પ્રકારની કામગારીમાં મહિલાઓ ખુબ વધારે કલાકો ખરાબ કરે છે. બાળકીઓના સ્કુલ જવા આડે પણ તકલીફ થાય છે. સિંહે કહ્યું હતું કે વર્તમાન રાજીવ ગાંધી ગ્રામીણ વિજળી યોજના હેઠળ દેશના તમામ છ લાખ ગામોમાં વિજળી ઉપલબ્ધ કરાવવાની યૈજના તૈયાર કરી લેવામાં આવી છે. મોટા ભાગશહેરી વિસ્તારોમાં એલપીજી ગેસનો ઉપયોગ થઈ રહ્યો છે. અમે ગ્રામીણ વિસ્તારોમાં પણ એલપીજીનો ઉપયોગ કરવામાં આવે તેવા પ્રયાસો કરી રહ્યા છીએ. સિંહે દાવો કર્યો હતો કે આજે દેશમાં આશરે ૧૯ કરોડ ગ્રામીણ મકાન પૈકી આશરે ૧૨ ટકા ઘરમાં ભોજન માટે એલપીજી ગેસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે દેશના તમામ ૨૪ કરોડ આવાસ,માં દર વર્ષે એલપીજીના છ સિલિન્ડર આપવા માટે આશરે બે કરોડ ૫૦ લાખ લાખ ટન એલપીજી ગેસની જરૂર પડશે. અમારા દેશમાં આની વ્યવસ્થા કરવાની ક્ષમતા હોવી જોઈએ. સિંહે કહ્યું હતું કે ગ્રામીણ ગરીબોને વિજળી્ ને એલપીજી માટે કેટલીક સબસિડીની જરૂર રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જવાહર લાલ નહેરુ રાષ્ટ્રીય મિશન હેઠળ ૨૦૨૨ સુધી અમે બે કરોડ ગ્રાણી આવાસમાં સૌર ઉર્જા પહોંચાડવાની યોજના તૈયાર કરવામાં આવી છે. સિંહે તેમના સંબોધનમાં અનેક મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી.

## પૂણે સિરિયલ બ્લાસ્ટમાં હવે મહત્વની કડીઓ હાથ લાગી

પૂણે, તા.૯

મહારાષ્ટ્ર સરકારે આજે વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ૧લી ઓગસ્ટના દિવસે પૂણેમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ માટે જવાબદાર અપરાધીઓને ટૂંક સમયમાં જ સંકંજામાં લઈ લેવામાં આવશે. પૂણે બ્લાસ્ટના સંબંધમાં મહત્વપૂર્ણ કડીઓ હાથ લાગી ગઈ છે. કેન્દ્રીય તપાસ સંસ્થાઓને મહત્વપૂર્ણ બાબતો અને દસ્તાવેજો પણ મળ્યા છે. ગૃહપ્રધાન આર આર પાટિલે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું છે કે અમને એવી કડીઓ હાથ લાગી છે જેનાથી પૂણે સિરિયલ બ્લાસ્ટના સંબંધમાં સફળતા મળી શકશે અને અપરાધીઓ સંકંજામાં આવી જશે. મહારાષ્ટ્ર એટીએસ અને કેન્દ્રીત તપાસ સંસ્થાઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧લી ઓગસ્ટની રાત્રે પૂણેના અતિ વ્યસ્ત રહેતા વિસ્તાર જેમ રોડ પર ઓછી તીવ્રતાના ચાર બોમ્બ બ્લાસ્ટ થયા હતા જેમાં એક વ્યક્તિને ઈજા થઈ હતી. સમગ્ર મામલામાં મહારાષ્ટ્ર એટીએસ અને કેન્દ્રીય તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કેસનો ઉકેલ હવે નજીક છે. મહત્વપૂર્ણ સફળતા મળી ગઈ છે.

## કર્ણાટકે કાવેરી પાણી બંધ કરી દેતા તમિળનાડુ ભારે લાલઘુમ

બેંગ્લોર, તા. ૯

કાવેરી જળવિવાદમાં આજે નવો વળાંક આવ્યો હતો. કર્ણાટકે ગત મોડી રાતથી કાવેરીનું પાણી તમિળનાડુને આપવાનું બંધ કરી દીધું છે. હવે વધુ પાણી પુરવઠો ચાલુ રાખવાની ક્ષમતા ન હોવાની જાણ સુપ્રીમ કોર્ટને કર્યાના કલાક બાદ જ કર્ણાટકે કાવેરીનું પાણી છોડવાનું બંધ કરી દીધું હતું. જેથી કર્ણાટકના ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.જો કે બીજી બાજુ આ મામલે તમિળનાડુ ભારે નારાજ છે. તે કર્ણાટક સામે તિરસ્કારની અરજી કરવાના મુડમાં છે. કર્ણાટકના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે, બેંગ્લોરની અંદાજે ૮૦ કિલોમીટર દૂર આવેલા માંડ્યા ડેમમાંના ક્રિષ્ણારાજ સાગરમાંના પાંચ દરવાજા આજે બંધ કરી દેવામાં આવ્યા છે. આ ડેમ મારફતે તમિલનાડુને કાવેરી નદીનું પાણી આપવામાં આવે છે. પાણી છોડવાનું બંધ કર્યાની જાણ થતાં જ હજારો ખેડૂતોને ડેમ સ્થળે



આવીને સૂત્રોચ્ચાર કરીને ઉજવણી કરવા માંડ્યા હતા. દરમ્યાન કર્ણાટકના કાયદામંત્રી એસ. સુરેશકુમારે નવી દિલ્હીમાં કહ્યું હતું કે, સીનિયર કાઉન્સિલ ફલી નરીમાનએ કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરતાં સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે હવે વધુ પાણીનો જથ્થો છોડવાની ક્ષમતા નથી. જો કે સુપ્રીમે કર્ણાટકની રજૂઆત અંગે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. જ્યારે તામિલનાડુના વકીલે પણ આનો કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો કે વિરોધ પણ કર્યો ન હતો. કર્ણાટકની અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી રહી હતી ત્યારે જ પાણી ન છોડવાની રજૂઆત ફલી નરીમાને કરી હતી. નોંધનીય છે કે ૧૯મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન ડો. મનમોહનસિંઘના નેતૃત્વ હેઠળના કાવેરી નદી સત્તામંડળે કર્ણાટકને પ્રતિદિન ૯૦૦૦ કરોડ પાણી ૨૦મી સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુધી તામિલનાડુ માટે છોડવા આદેશ કર્યો હતો. જેને પડકારતી અરજી કર્ણાટકે સુપ્રીમકોર્ટમાં કરી હતી. ૨૯મી સપ્ટેમ્બરથી કર્ણાટકે પાણી છોડવાનું શરૂ કરતાં ત્યાં રોજ વિરોધ પ્રદર્શનો મોટાપાયે શરૂ થઈ ગયા હતા.

## વાઘ પ્રવાસન પર પ્રતિબંધ સુપ્રીમ કોર્ટે યથાવત રાખ્યો

નવી દિલ્હી, તા. ૯

દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘના પ્રવાસન પરનો પ્રતિબંધ ઉઠાવવાનો સુપ્રીમ કોર્ટે આજે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. વાઘ અભ્યારણ્યના કોટ વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર પર લગાવવામાં આવેલ પ્રતિબંધ ઉઠાવી લેવાનો સુપ્રીમ કોર્ટે નન્નો ભણી દીધો હતો. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે, રાષ્ટ્રીય વાઘ સંરક્ષક દ્વારા તૈયાર કરવામાં આવનારી માર્ગદર્શિકાની તે રાહ જોઈ રહ્યું છે. ત્યાં સુધી પ્રતિબંધ યથાવત ચાલુ જ રહેશે. ગત મહિને કેન્દ્ર સરકાર દ્વારા એફીડેવીટ દાખલ કરીને સુપ્રીમ કોર્ટ સમક્ષ ૨૪ જુલાઈથી લગાવવામાં આવેલ વચગાળાનો પ્રતિબંધ ઉઠાવી લેવા રજુઆત કરી હતી. સુપ્રીમ કોર્ટ આ અરજી પર વધુ સુનાવણી આગામી ૧૬મીના રોજ મુકરર કરી હતી. એફીડેવીટમાં કેન્દ્ર સરકારે રજૂઆત કરી હતી કે, વાઘના ચાવીરૂપ વિસ્તારમાંથી ૨૦ ટકા જેટલા ભાગમાં પ્રવાસીઓને હરવા ફરવાની છૂટ આપવી જોઈએ. જ્યારે માર્ગદર્શિકા અનુસાર પ્રવાસીઓને કાયમી સુવિધા અભ્યારણ્યમાં આપવી કોઈપણ રીતે શક્ય નથી.

## દેશમાં ત્રીજા મોરચાની કોઈ સંભાવના નથી : શરદ યાદવ

જબલપુર, તા. ૯

આગામી ૨૦૧૪માં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીમાં કે તે પહેલાં દેશમાં ત્રીજો મોરચો રચાવાની કોઈ શક્યતા ન હોવાનું જનતાદળ (યુનાઈટેડ)ના વડા શરદ યાદવે આજે કહ્યુંહતું. યાદવે પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી પછી અમુક પક્ષો દ્વારા નવું જોડાણ થઈ શકે છે. જો કે દેશમાં ત્રીજા મોરચાની કોઈ શક્યતા નથી. કોંગ્રેસ યુપીએનો પાયો છે તેમ ભાજપ એનડીએનો પાયો છે. એનડીએ પહેલાં હતું, અત્યારે પણ છે. અને ભવિષ્યમાં પણ તેનું અસ્તિત્વ રહેશે. પરંતુ અમુક પક્ષો અન્ય ગઠબંધનમાં લોકસભાની ચૂંટણી બાદ જોડાઈ શકે છે. એનડીએના કન્વીનર શરદ યાદવે કહ્યું હતું કે, ચૂંટણી બાદ જોડાવવાની જે પક્ષોની વાત કરી તે હાલ યુપીએ કે એનડીએમાં નથી તેવા પક્ષોની છે. મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈના મુદ્દે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરતાં યાદવે કહ્યું હતું કે, આ નિર્ણયથી દેશમાં ૨૫ થી ૩૦ કરોડ લોકોની રોજગારી છિનવાઈ જશે. વિદેશી કંપનીઓ ભારતમાંથી નાણાં પોતાના દેશમાં લઈ જશે. આ નિર્ણયથી હજારો લોકો બેરોજગાર બનશે. કોલસા ખાણના વિતરણ અંગે યાદવે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે કેન્દ્રીય મંત્રી સુબોધકાંત સહાય, મહારાષ્ટ્રના કોંગ્રેસ મંત્રી વિજય દર્ગ પક્ષના સાંસદ નવીન જીંદલ અને ખાણ માફીયા મનોજ જયસ્વાલ વિરુદ્ધ નૌકાદળના ધોરણે કાર્યવાહી તો કરવી જ જોઈએ. જ્યારે હવાલાકાંડમાં મારું નામ આવ્યું તો નૈતિકતાના ધોરણે તમામ પદ પરથી મેં રાજીનામા આપી દીધા હતા.અન્ના હજારે મુદ્દે યાદવે કહ્યું હતું કે ગાંધીવાદી એ પોતાના ગામ રાલેગણ સિદવીમાં સારું કામ કર્યું છે.

## બિહારમાં દલીત મહિલા પર અત્યાચાર

ગયા, તા.૯

બિહારમાં એક સનસનાટીપૂર્ણ મામલો સપાટી ઉપર આવ્યો છે. ઈન્દિરા વિકાસ યોજના હેઠળ દલીત મહિલાને આપવામાં આવેલી રકમ માટેની માંગણીને લઈને દલીત મહિલા પર અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. બિહારના ગયા જિલ્લામાં દલીત મહિલાને નાણાંના પ્રશ્ને જીવતી સળગાવી દેવામાં આવી છે. ભૂતપૂર્વ બ્લોક પ્રમુખે ફંડની ઉચાપત કરી લીધી હતી. ત્યારબાદ આ મહિલા સાથે ખરાબ વર્તન કર્યું હતું. મામલો વધુ વણસી જતાં મહિલાને આગ ચાંપી દેવામાં આવી હતી. મહિલાનું ગઈકાલે હોસ્પિટલમાં મોત થયું હતું. ૩૫ વર્ષીય મહિલા પુતુકુવા દેવી સૌથી ગરીબ દલીતોની એક સમીતિની સભ્ય હતી. ખાસ લાભ આપવાના હેતુ માટે મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા આ ગરીબ દલીત સંસ્થાની રચના કરાઈ હતી. આ સંબંધમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સુબેદાર યાદવ ફરાર થઈ ગયો છે. ઈન્દિરા આવાસ યોજના કેન્દ્રીય પ્રાયોજિત આવાસ યોજના છે જે ગરીબો માટે ચાલે છે.

## ગાયિકા આશા ભોંસલેની પૂછપરછ થવાની શક્યતા

મુંબઈ, તા. ૯

સુપ્રસિદ્ધ પાર્શ્વગાયિકા આશા ભોંસલેએ તેની મૃત પુત્રીના અંતિમ દર્શન પણ ન કર્યા. ગઈકાલે આશા ભોંસલેની પુત્રી વર્ષાએ લમણે ગોળી મારીને આપઘાત કર્યો હતો. આજે વહેલી સવારે ૫૫ વર્ષીય વર્ષાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દરમ્યાન સિંગાપોરથી પરત ફરેલ આશા ભોંસલે અને તેની મોટી બેન લત્તા મંગેશકરના પરિવારની પણ પૂછપરછ પોલીસ કરે તેવી શક્યતા છે. વર્ષાના અંતિમ સંસ્કારમાં માતા આશા ભોંસલેએ હાજરી આપી ન હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આશા ભોંસલેએ પોતાની પુત્રીના અંતિમ દર્શન પણ કર્યા ન હતા. આપઘાત કર્યા બાદ વર્ષાની લાશને જે. જે. હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. બીજી બાજુ સિંગાપોરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરેલ આશા હોસ્પિટલ જવાને બદલે સીધી જ પોતાના આવાસ પ્રભુકુંજ ગઈ હતી. સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે, આશા ભોંસલે લોહી કે તેના ડાઘા જોઈને જ ડિપ્રેસનમાં આવી જાય છે. તેથી જ મોટી બેન લત્તાએ તેને અંતિમ દર્શન કરવા જવા દીધા નહોતા. ગોળી માથાની આરપાર નીકળી ગઈ હોવાથી વર્ષાનો ચહેરો વિકૃત બની ગયો હતો. આ જ કારણથી આશા ઉપરાંત લત્તા મંગેશકર, ઉષા મંગેશકર અને ભાઈ હૃદયનાથ મંગેશકરને વર્ષાના અંતિમ દર્શન કરવા દીધા ન હતા.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

હવે પાછા વળ્યા સિવાય બીજો કોઈ ઉપાય તેને સૂઝ્યો નહીં તેથી એ પાછો વળ્યો. તેને લાગ્યું કે રસ્તો તેના પગને જકડી રહ્યો છે. તેનાથી ચાલી જ શકાતું નથી.

ત્યાં આગળ એક વળાંક પાસે એક મોટર સાઈકલ બ્રેક મારી તેની પાછળ ઉભી રહી. તેણે પાછા ફરીને જોયું. મોટર સાઈકલવાળા ધમકાવવાના મૂડમાં બોલ્યો.

'રસ્તા વચ્ચે કેમ ચાલે છે, હમણાં ભટકાઈ ગયા હોત તો...'

'માફ કરો સાહેબ, હું જરા ટેન્શનમાં છું. ભૂલ થઈ ગઈ.'

'શેનું ટેન્શન?'

મને એ વાતનું ટેન્શન છે કે આવડા મોટા ગામમાં બકરાં ચરાવવાવાળી સ્ત્રીને સરપંચ કેમ બનાવી હશે.

'હું તો વાત શું છે? '

'બસ, એ જ વાત છ, હવે તમે જ કો' આ બધું શું છે. તેણે ઉત્સુકતાથી પૂછ્યું.

વાત જાણે એમ છે કે કોઈ આદિવાસી સ્ત્રી ચૂંટણી માટે તૈયાર જ નહોતી તો પછી કોઈને કોઈને તો સરપંચ બનાવવી જ પડે. જેથી રમલીને સમજાવી પટાવીને વાંસ પર ચડાવી દીધી.

'તેને સમજાવી કોણ?'

'મારા સિવાય બીજું કોણ હોય.'

'શું તમે એના પતિ છો?'

'ના રે ના, એનો પતિ તો ફેકટરીમાં કામે જાય છે. તે જ પટાવીને એને ફોર્મ ભરાવી દીધું. ' કેમ કે, ફક્ત એનું એક જ ફોર્મ ભરાયેલું તેથી એ બિનહરીફ સરપંચ તરીકે ચૂંટાઈ ગઈ.

'વૉટીંગ વગર જ? તેને નવાઈ લાગી તેથી તેણે પૂછી નાખ્યું.'

'હાં, વૉટીંગ તો ત્યારે થાય ને કે જયારે એકથી વધુ ઉમેદવાર હોય.'

'અચ્છા. તેથી ગામમાં કોઈ તેને ઓળખતું નથી.'

'પણ તારો સરપંચની શું જરૂર પડી.'

વાત જાણે એમ છે કે મારી એક મિત્રને રહેણાંકનો દાખલો જોઈએ છે. જો તમે સરપંચ પાસે એટલું કરાવી દો તો તમારો આભાર.

'અરે ભાઈ, તમે મને ઓળખતા નથી. હું ગ્રામસેવક છું, અને એક રીતે અસલી સરપંચ પણ... એટલે કે ટૂ ઈવ વન. તમે ચાલો મારી સાથે તમારું કામ થઈ જશે. એટલું કહી એ પોતાની મોટર સાઈકલ પર તેને પાછળ બેસાડીને પંચાયત ઓફિસે લઈ આવ્યો. તેણે દાખલો તૈયાર કરી સરપંચ નો સિક્કો લગાવી તેને આપતાં કહ્યું.'

'આ લો. બસો રૂપિયા લાવો.'

'તમે બહુ વધારો માંગો છો.'

'આનાથી ઓછામાં નહીં મળે, જોઈ તો હોય તો બોલો.'

'સારૂં લ્યો આ બસો રૂપિયા પણ આના પર સરપંચની સહી કયાં છે?'

એ પણ થઈ જશે. લગભગ સાત વાગ્યાની આસપાસ અહીં આવી જજે.

તે બસસ્ટેન્ડે આવી ગયો. લારી પર ચ્હા પીધી. ટાઈમ પાસ કરવા આમતેમ જોતો રહ્યો. ટાઈમ થતાં પંચાયત ઑફિસે આવ્યો.

ગ્રામસેવક લોકોની વચ્ચે ઘેરાયેલો હતો. થોડી રાહ જોયા બાદ તે તેને મોટર સાઈકલ પર બેસાડીને સરપંચની ઘેર લઈ ગયો. તે જંગલમાં બકરાં ચરાવીને પાછી આવી ગઈ હતી. તૈયાર દાખલામાં તેનાં અંગૂઠાનું નિશાન લઈ ગ્રામસેવકે તેને દાખલો આપી દીધો.

જે કામ માટે એ આવ્યો હતો એ છેવટે પૂરૂં થઈ ગયું. તેણે ગ્રામસેવકને થેંક્યું કહ્યું.

પાછા વળતાં તેણે સરપંચ રમલીની તરફ ધ્યાનથી જોયું. ત્રીસ બત્રીસની ઉંમર હશે. દુબળું પાતળું શરીર અને ચહેરા પર ભોળપણ. ભગવાન તેને ગ્રામસેવકથી બચાવે. તેને એ વિચાર આવ્યોને એ પોતાને રસ્તે આગળ વધ્યો.

- vanvihari@gmail.com

## સમાચાર ઝલક

- ગાયિકા આશા ભોંસલેની પત્રકાર-દીકરી વર્ષા ભોંસલેએ જીવન ટૂંકાવ્યું.
- હવે ખાનગી હોસ્પિટલોમાં ભાવપત્રક ફરજિયાત.
- રેલ્વેનાં ભાડાં વધારવાં કવાયત હાથ ધરી, મોંઘવારી રેલ્વેને નડી.
- રાજકોટમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અજય ભાદુ સાથે કોંગ્રેસની બેફામ ગાળાગાળી.
- ૧૬મી ઓકટોબરતી ૨ લાખ પોસ્ટ કર્મચારીઓ હડતાલનું રણશિંગુ ફૂંકશે.
- નવરાત્રીમાં વન-ડે નવરાત્રીનો વધતો ક્રેઝ.
- ઈરાકમાં આ વર્ષમાં ૧૧૩ લોકોને ફાંસીની સજા આપવામાં આવી.
- વૈશ્વિક આર્થિક કટોકટી વચ્ચે પણ ભારતની વિકાસગાથા મજબૂત રહી.
- ગોંડલનો ડાન્સ માસ્ટર કે.બી.સી.માં રૂા. ૬.૪૦ લાખ જીત્યો, તા.૧૯મી ઓક્ટોબરે પ્રસારણ થશે.
- બાબરામાં એસ.ટી.બસ રોકો આંદોલન, વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીના લીધે આંદોલન વકર્યું.
- સોમનાથ મંદિરની બહાર ૨૯ વિભૂતિઓનાં વોલ પેઈન્ટીંગ બનશે.
- નોબેલ પારિતોષિકની જાહેરાત, નોબેલમાં મેડીસીન પારિતોષિક જાપાન અને બ્રિટનના વૈજ્ઞાનિકને સંયુક્ત રૂપે મળ્યું.
- બ્લડ સ્યુગર ટેસ્ટ ફક્ત ૧ મિનિટમાં, રૂા. ૨ નાં ખર્ચે થશે.
- ગુજરાત ચૂંટણીના કારણે સંસદનું શિયાળું સત્ર જાન્યુઆરીમાં યોજાશે.
- આજે એક ઓસ્ટ્રેલિયન લગાવશે વિશ્વનો સૌથી મોટો કુદકો, એક લાખ ત્રીસ હજાર ફુટની ઊંચાઈએથી, જોનારાઓમાં માટે હશે અદ્‌ભૂત નજારો.
- ૨૨મી ઓકટોબર સુધી ચક્રવાત અને વરસાદની સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શક્યતા.
- હવે ભગવાનની ભક્તિ પણ મોંઘી - શ્રીફળના ભાવવધારાની શક્યતા.
- યુગો ચાવેઝ સતત ચોથીવાર વેનેઝુવેલાના પ્રમુખ તરીકે ચૂંટાયા.
- ભારતમાં સ્તન કેન્સરથી દર વર્ષે ૯૦ હજાર મહિલાઓનાં અકાળે મોત.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

એક કૉલેજિયન સુંદર કન્યા એનાથી દસ વર્ષ મોટા એક કવિ - લેખકને પ્રેમ કરતી હતી, સાથે હરવું - ફરવું, વાતો કરવી બધું જ પણ જયારે લગ્નની વાત આવી તો એણે સ્પષ્ટ ના પાડી એટલું જ કીધું કે કવિ - લેખકની વાતોથી જિંદગીનાં રંગોમાં જીવી શકાય પણ લક્ષ્મીની હાજરી સિવાય વૈભવી ઠાઠ ના મળે એટલે લગ્ન તો કોઈ આર્થિક સધ્ધર છોકરા સાથે જ કરીશ!! જિંદગી જીવવાનાં કેટલાં સ્પષ્ટ વિચાર, કોઈ આડંબર, ખોટા પ્રેમનાં વેવલાં વેડાં નહીં!!

આ પ્રેમનાં વિષયની એક બાજુ થઈ, બીજી વાત સીધી લગ્ન અને યુવાનો સાથે સંકળાયેલી છે... એક સીધા-સાદાં ભણવામાં તેજસ્વી છોકરાએ બહુ મસ્ત પ્રશ્ન પૂછ્યો, ''અત્યારે મોટા ભાગની છોકરીઓનાં લગ્ન પહેલાં અફેર્સ હોય છે, તે લગ્ન માટે સારી છોકરી કેવી રીતે મળે?'' વાત બહુ વ્યાજબી છે અને એનો જવાબ બહુ અઘરો, છોકરીઓનાં અફેર્સ કોની સાથે થાય છે? છોકરાઓ સાથે જ ને? એટલે જેમ મોટા ભાગની છોકરીઓનાં અફેર્સ થયેલાં હોય છે. એમ મોટા ભાગનાં છોકરાઓનાંય થયેલાં જ હોય ને? અને એક બે અફેર્સ થયાં હોય એટલે એ છોકરી ખરાબ જ હશે એવું કહી શકાય નહીં!!

આપણો સમાજ વિરોધાભાસથી ભરેલો છે. પ્રેમલગ્નની માન્યતાને સ્વીકૃતિ આપતાં મોભીઓ એમનાં સંતાનોને એરેન્ડ માટે ધાકમાં રાખે છે. પ્રેમ થયેલો ખબર પડે તો હવે લગ્નની શું ઉતાવળ છે એવું કહેતાં લોકો પાછા અફેર્સ કરેલી છોકરીઓ લગ્ન માટે અયોગ્ય કહેવાય, એવું ય કહેશ... બે ચાર અફેર્સ થયેલા કે તોડી ચુકેલાં યુવક યુવતીઓ આપણી આંખોમાં ખટકે છે. પણ પ્રેમ અને લગ્નની જવાબદારીમાં કોઈકની કુરબાની આપી સતત માનસિક પીડાતાં લોકો આપણને દેખાતા નથી. યુવાવસ્થામાં પ્રેમ અને સંબંધો વિશે બિન્દાસ બોલતાં કે વર્તતા યુવાનોને પરિવાર સહજતાથી સ્વીકારતો નથી, હમણાં હમણાં બિલાવલ અને હીના રબ્બાનીનો તાજો જ દાખલો છે!!

પ્રેમની ગાડીને બ્રેક કેમ લાગે છે? પ્રેમમાં પડે ત્યારે સામેની વ્યક્તિ વિશેની સંપૂર્ણ માહિતી હોતી નથી, ધીમે ધીમે ખબર પડે છે, એમાંની કેટલીક ગમે છે અને કેટલીક ખટકે છે. એટલે પ્રેમમાં પડતાં લગ્નનો વિચાર કેમ કરવો? શેના પરથી આ અફેર્સ ટકશે એવું લાગે છે? આજની જનરેશનને ગાડી - બંગલા અને સુખસાહ્યબી વગર ફાવતું નથી. ખૂબ કષ્ઠ વેઠી અમે સંસાર ઉભો કર્યો છે જેવી વાતોમાં એમને રસ નથી. એટલે પોતાને મનગમતી જીવનશૈલી અનુસાર જોડીદાર શોધવામાં તેઓ માને છે. બૉયફ્રેન્ડ - ગર્લફ્રેન્ડ એ વ્યાખ્યામાં ફીટ થાય તો ઠીક નહીં તો પ્રેક્ટીકલ નિર્ણય લે છે!!

સત્તરમાં અઢારમાં વર્ષે થયેલો પ્રેમ ટકવાની શક્યતા બહું ઓછી હોય છે, સ્કૂલમાંથી પ્રેમ થયો હોય અને છેક લગ્નમાં પરિણામ્યો હોય એવાં દાખલાં બહું ઓછાં જ મળે છે. ખરેખર, તો એક બે અફેર્સ પછી જ ખબર પડે કે આપણને કેવો સાથીદાર જોઈએ છે!! એમ.ટી.વી. અને ફૅશન ટી.વી.નાં જમાનામાં દૂરદર્શનનો આદર્શ રાખવાની ઈચ્છા કરવી જ ભૂલ ભરેલી છે... યુવાનોને મુક્ત વાતાવરણ મળ્યું છે એટલે કરવાં દો અખતરાં બાકી કેટલાંક પ્રેમની ફાઈલ બંધ કરી ભણવાનાં ચોપડામાં એવું ધ્યાન પરોવે છે કે મનગમતો પાર્ટનગર પેલી એટીકેટ લાઈફ સ્ટાઈલથી ખોળામાં આવીને બેસે છે!!

**ચૂંટલો :**

લગ્ન પહેલાંનો પ્રેમ એ ઈન્ટરવલ પહેલાંની લવસ્ટૉરી જેવી ફિલ્મી સ્ટૉરી હોય છે, પરણ્યા પછી જ ખબર પડે છે કે પ્રેમ એ તો બર્ફીની ઉપરની ચાંદીની વરખ હતું, હવે બર્ફીનો સ્વાદ મીઠો કરવો કે કડવો એ તો બંનેનાં અંડર સ્ટેન્ડીંગ પર જ આધારિત રહેશે.